**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર ૧૮૧/૨૦૨૫**

**આંક ૧ લગત હુકમ**

અરજી તથા સંલગ્ન રેકર્ડ વંચાણે લીધા. પ્રસ્તુત કામે અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલ ઘરેલું હિંસાની અરજી અનુસંધાને આજરોજ સામાવાળાનાઓને રજીસ્ટર્ડ પોસ્ટથી નોટીસ બજવણી થતાં સામાવાળા નંબર ૧ હાજર થયેલ છે તેઓ તથા અરજદાર દ્વારા એક સંયુક્ત પુરસીસ આપેલ છે જેમાં સામાવાળા નંબર ૧ દ્વારા અરજદારને દર મહીને નિયમીત રૂપિયા ૪,૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પુરા/–) ભરણ પોષણ પેટે ચુકવવા તૈયાર છે જેની સામે અરજદાર પોતાની હાલની ઘરેલુ હિંસાની અરજીમાં માંગેલ બાકીની દાદ જતી કરી માસિક રૂપિયા ૪,૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પુરા/–) ભરણ પોષણનો હુકમ થાય તો વાંધો નથી તેવું જણાવે છે ત્યારે બંને પક્ષની સંયુક્ત પુરસીસ તથા બંને પક્ષના વકીલશ્રીની રજુઆત અને અરજદાર તથા સામાવાળાની પુરસીસ અનુસંધાને મૌખિક રજુઆત ધ્યાને લઈ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::આખરી હુકમ::–**

**૧.** હાલની અરજીના કામે સામાવાળા નંબર ૧ રોહીતભાઈ દેવરાજભાઈ સુમરાનાઓએ દર માસે કુલ રૂપિયા રૂપિયા ૪,૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પુરા/–) આ કામના અરજદાર કાજલબેન રોહિતભાઈ સુમરા તથા સગીર મન્નત રોહિતભાઈ સુમરાનાઓને દર માસે નિયમીત ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૮–૦૬–૨૦૨૬ વિપુલ કે. વાઘેલા
થાનગઢ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ
થાનગઢ
**જીજે૦૧૪૬૫**